| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૩/ ૦૩ / ૨૦૨૬ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૩/ ૦૩ / ૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૧૧ / ૦૩ / ૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૮ |

सत्यमेव जयते

# મે. મહેસાણાના એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટ, એટઃ– વિસનગર.

**ફોજદારી પરચુરણ અરજ નં.૧૪૧/૨૦૨૬.**
આંક–૦૭.

અરજદારઃ– ૧. **ઈબ્રાહીમ ઉર્ફે ફરહાન ઉર્ફે અલુ S/o જુશબ ઓસ્માન કુંભાર,** ઉં.વ.આ.– ૩૨,
રહે. – ગાંધીધામ,
ઠે.– નવી સંદરપુરી, ઇમામ ચોક,
ગાંધીધામ, જી.– કચ્છ.

**વિ રૂ દ્ધ**

સામાવાળાઃ– ૧. ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**બાબતઃ–** – ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા અરજ...

| | |
|---|---|
| અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી | એમ. બી. પઠાણ. |
| સામાવાળા તરફે વિદ્વાન એડિ. પી.પી. શ્રી | જે. બી. રાજપુત. |

**--// ઠ રા વ //--**

(૧).. અરજદાર/આરોપી તરફે સદર જામીન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ નીચે દાખલ કરીને ઉંઝા પોલીસ સ્ટેશન ગુ. ર. નંબર–૧૧૨૦૬૦૩૩૨૫૦૭૧૯/૨૦૨૫ ના કામે ભારતીય ન્યાય

સંહિતાની કલમ–૩૧૬(૨), ૩૧૬(૩), ૩૧૭(૨), ૩૧૮(૪), ૩૩૪(૨) તથા ૫૪ મુજબનો ગુનો તા.૧૪–૧૧–૨૦૨૫ ના રોજ નોંધાયેલ છે. જે કામમાં અરજદાર/આરોપીની તપાસ કરનાર અમલદારે તા.૦૩–૦૩–૨૦૨૬ ના રોજ અટક કરી નામદાર કૉર્ટમાં રજુ કરી રીમાન્ડની માગણી કરતાં તા.૦૫–૦૩–૨૦૨૬ સુધીના રીમાન્ડ મંજુર કરેલા. ત્યારબાદ અરજદારે નામદાર કૉર્ટમાં જામીન અરજી દાખલ કરેલી જે જામીન અરજી નામંજુર કરી અરજદાર/આરોપીને જ્યુડીશ્યલ કસ્ટડીમાં મુકવાનો હુકમ કરેલ હોય અરજદાર/આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા કરેલી છે.

(૨).. અરજદાર/આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, અરજદાર/આરોપી ગુના અંગે કોઇ જ હકીકત જાણતા નથી કે તેમણે કોઇ જીરાનો માલ ગાડીમાં ભરાવેલ નથી કે કોઇ ગાડીઓ મોકલેલ નથી. વધુમાં જણાવેલ છે કે, તેમણે કોઇ ટ્રેલરમાંથી જીરાના માલની ચોરી કરેલ નથી. વધુમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. કહેવાતો કોઇ ગુનો કરેલ નથી કે તેમ છતાં ખોટી રીતે તેમને સંડોવી દીધેલ છે. અરજદાર/આરોપીએ ગુનામાં સીધા કે આડકતરી રીતે સંડોવાયેલ નથી કે કોઇપણ પ્રકારના પૈસાની લેવડ દેવડ કરેલ નથી કે કોઇપણ પ્રકારનો આર્થિક લાભ મેળવી કોઇપણ વ્યક્તિ સાથે છેતરપીંડી કે વિશ્વાસઘાત કરેલ નથી. અરજદાર/આરોપી યુવાન વયના વ્યક્તિ છે. તેમજ તેમણે કોઇ નાણાની ઉચાપત કરેલ નથી કે સદરહુ નાણા પોતાના આર્થીક ફાયદા સારૂ કરેલ નથી કે કોઇ વ્યક્તિને વિશ્વાસમાં લઇ લાલચ આપી કોઇ નાણા ઉપાડી લીધેલ નથી. વધુમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ કોઇપણ જાતનો આર્થીક લાભ મેળવેલ નથી. જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત ન કરવામાં આવે તો અરજદાર/આરોપીનું

કુટુંબ ભુખે મરે તેમ છે. તેમજ અરજદાર/આરોપી ઉપરોક્ત સરનામે રહેતા હોય ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. વધુમાં જણાવે છે કે, અરજદાર/આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવશે તો તેઓ નામદાર કૉર્ટ ફરમાવે તેવી તમામ શરતોનું પાલન કરવા તેઓ તૈયાર છે અને નામદાર કૉર્ટ ફરમાવે તેવી રકમના સધ્ધર જામીન આપવા તૈયાર છે.

(૩).. ઉપરોક્ત હકીકત તળે સરકારશ્રીને નોટીસ કરતાં જેના અનુસંધાને સરકારશ્રી તરફથી એડિ પી. પી. શ્રી સી. બી. રાજપુતનાઓ હાજર થયેલા છે અને આંક–૦૫થી તપાસ કરનાર અમલદારશ્રીએ સોગંદનામું રજુ કરેલ છે. શ્રી રાજપુતનાઓએ ભારપુર્વક એવી રજુઆત કરેલ છે કે, આ કામે હકીકત એવી છે કે, આ કામના તહોમતદારો નંબર–૦૧ અને ૦૨ (અમયા મલ્ટીમોડલ્મ ટ્રાન્સપોર્ટ કંપની ગાંધીધામ (કચ્છ)ના માલીક) નાઓએ ફરીયાદીને "ઓલ્ડ મેન્શન ફુડ્સ વર્જીનીયા, અમેરીકા તથા –રાજાફુડ્સ એલ.એલ.સી. શીકાગો, અમેરીકા તથા 'બી એન્ડ જી ફુડ્સ ન્યુજર્સી અમેરીકા તથા 'સેર્જીન ટ્રેડીંગ બુસાન, દક્ષિણ કોરીયા ખાતે દરીયાઇ માર્ગે જીરાનો માલ મોકલવાના મળેલ ઓડરો મુજબનો જીરાનો માલ ફરી શ્રીની "સીંન્થાઇટ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લીમીટેડ કંપની બ્રાહ્મણવાડા (ઊંઝા) ખાતેથી અલગ અલગ તારીખ સમયે તેઓની ટ્રાન્સપોર્ટ કંપનીના તહોમતદાર નંબર–૦૩ થી ૦૫ (ટ્રેલરના ડ્રાઇવરો)ને પોતાના કન્ટેનર વાળા ટ્રેલરો ભરવા મોકલી ફરી.શ્રીની કંપનીનો બીલ મુજબનો જીરાનો માલ ટેલરોના કન્ટેનરોમાં ભરી કન્ટેનરોને ટ્રાન્સપોર્ટ તથા ફરીયાદીની કંપનીના શીલો મારી તે કન્ટેનરોમાં ભરેલ જીરાનો માલ તેઓને મુન્દ્રા પોર્ટ (ગુજરાત) ખાતે ઉતારવા સારૂ જવાબદારી સોંપાયેલ હતી તેમ છતાં તા.૧૩–૦૬–૨૦૨૫ના કલાક ૧૮–૧૫ વાગ્યા થી તા.૨૫–૦૭–૨૦૨૫ના કલાક ૨૧–૫૫ વાગ્યા સુધીના

સમયગાળા દરમ્યાન તહોમતદારોએ જીરાના માલના કન્ટેનરો મુદ્રા તથા કચ્છ નજીક રસ્તામાં ઉભા રાખી કોઇપણ રીતે પોતાના ટ્રેલરના કન્ટેનરો ખોલી ટ્રેલર નં.જી.જે.૩૯ ટી.એ.૧૩૧૧ માંથી તહોમતદાર નંબર–૦૩ નાએ પ્રથમવાર જીરા પાવડરની બેગ નંગ ૩૨૨ કુલ વજન ૭૩૦૨.૯૬ કિ.ગ્રા. કુલ કિ.રૂ.૧૮,૪૪,૭૧૬,૭૪/ તથા બીજીવારની જીરાના માલની બેગ નંગ ૩૧૦ કુલ વજન ૭૭૫૦ કિ.ગ્રામ કુલ કિ.રૂ.૨૧,૫૫,૩૭૯.૬૩/ મળી કુલ જીરાની બેગ નંગ ૬૩૨ કુલ વજન ૧૫૦૫૨.૯૬ કિ.ગ્રામ જેની કુલ કિ.રૂ.૪૦,૦૦,૦૯૬,૩૭/ તથા ટ્રેલર નંબર–જી.જે.૩૯ ટી.એ.૧૪૬૧ માંથી ડ્રાઈવર તહોમતદાર નંબર–૦૪ નાએ જીરાના માલની બેગ નંગ ૨૯૬ કુલ વજન ૬૭૧૩.૨૮ કિ.ગ્રામ જેની કુલ કિ.રૂ.૨૦,૩૬,૫૦૭.૦૫/તથા ટ્રેલર નં.જી.જે.૩૯ ટી.એ.૦૫૫૯ માંથી ડ્રાઈવર તહોમતદાર નંબર–૦૫ નાએ જીરાના માલની બેગ નંગ ૪૧૦ કુલ વજન ૧૦,૨૫૦ કિ.ગ્રામ કુલ કિ.રૂ.૩૫,૫૧,૧૧૨.૫૦/મળી કુલ જીરાના માલની બેગ નંગ ૧૩૩૮ કુલ વજન ૩૨૦૧૬.૨૪ કુલ કિ.રૂ.૯૫,૮૭,૭૧૫.૯૨/નો મુદ્દામાલ પોતાના આર્થિક ફાયદા સારૂ કાઢી લઇ ફરિયાદીની કંપની સાથે વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરી ગુન્હો કરેલ છે.

વધુમાં આ કામના અરજદાર/આરોપીએ ટ્રક નં.GJ–39–TF–559 માં લોડ કરેલ કંન્ટેનરમાંથી ડ્રાઈવર આરોપી નંબર–૦૩ તથા ૦૪ તથા ૦૫ તથા ૦૭ તથા ૦૮નાઓ એકબીજા સાથે મળી મુદ્રા–કચ્છ ખાતે આવેલ શ્રી શક્તિ હોટલ ઉપર જીરૂ ભરેલ કુલ–૪૧૦ બેગ કુલ–૧૦૨૫૦ કીલોગ્રામ જીરૂ કિ.રૂ.૩૫,૫૧,૧૧૨.૫૦ની કિમતનુ કાઢી લીધેલ હોય જે પૈકી કુલ બેગ નંબર–૧૪૯ કુલ ૩૭૨૫ કિલોગ્રામ જીરૂ કીંમત

રૂ. ૪,૦૯,૭૫૦/– પોતાના આર્થિક ફાયદા સારૂ કાઢી લઈ રાજુભઈ બબુભાઈ રાઠોડનાઓને વેચાણ આપી ગુન્હો આચરેલ છે.

આમ, આ કામના અરજદાર/આરોપીનું નામ સહ આરોપીઓના નિવેદનમાં ખુલવા પામેલ છે. આમ જો આરોપીને જામીન મુક્ત કરવામાં આવે તો ગુનો કરવાળાને પ્રોત્સાહન મળી રહે તેવી પુરેપુરી શક્યતા રહેલ છે તેમજ ફરીવાર આવા પ્રકારના ગુના આચરશે તેમજ સાહેદોના દામ દંડ ભેદ નીતીથી ફોડી નાખી પુરાવા સાથે ચેડાં કરીને કેસને નુકશાન કરે તેવી શક્યતા રહેલી છે. તે તમામ સંજોગો ધ્યાને લઈ અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન અરજ નામંજુર કરવા રજુઆત કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આ કામના અન્ય સહ આરોપીઓની ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૯૧૮/૨૦૨૫ તથા ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૧૨૭/૨૦૨૬ ની જામીન અરજીઓ નામંજુર કરવામાં આવેલ હોય હાલના અરજદારની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪).. બંન્ને પક્ષોના વિદ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા બાદ મારી સમક્ષ રજુ થયેલ જામીન અરજી તથા એફ. આઈ. તથા કેસ પેપર્સ વંચાણે લીધા.

(૫).. બંન્ને પક્ષકારો તરફેની સમગ્ર રજુઆત તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું ધ્યાને લેતાં આ કામના અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓ સામે ઉંઝા પોલીસ સ્ટેશન ગુ. ર. નંબર–૧૧૨૦૬૦૩૩૨૫૦૭૧૯/૨૦૨૫ ના કામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૬(૨), ૩૧૬(૩), ૩૧૭(૨), ૩૧૮(૪), ૩૩૪(૨) તથા ૫૪ મુજબનો ગંભીર પ્રકારનો ગુનો કર્યાનો આક્ષેપ છે.

(૬).. વધુમાં આ કામે અરજદાર/આરોપીનું કૃત્ય જોતાં અરજદારને જામીન મુક્ત કરી કાયદા વિરૂધ્ધના ગુનાહીત કૃત્યો કરવા માટેની પરવાનગી આપી શકાય નહી. વધુમાં આ કામના આરોપીએ પોતાનો આર્થિક લાભ મેળવવા સારૂ ફરિયાદીના નાણીની ઉચાપત કરી ગુનો કરેલ અને તેઓની મુડી છેતરપીંડી કરી મેળવી ગુનો કરેલછ. તેમજ અરજદાર/આરોપીનો પણ હાલના ગુનામાં એક્ટીવ રોલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઇ આવે છે.

(૭).. આ કામના અરજદાર/આરોપીએ તથા અન્ય આરોપીઓએ શ્રી શક્તિ હોટલ ઉપર જીરૂ ભરેલ કુલ–૪૧૦ બેગ કુલ–૧૦૨૫૦ કીલોગ્રામ જીરૂ કિ.રૂ.૩૫,૫૧,૧૧૨.૫૦ની કિમતનુ કાઢી લીધેલ હોય જે પૈકી કુલ બેગ નંબર–૧૪૯ કુલ ૩૭૨૫ કિલોગ્રામ જીરૂ કીંમત રૂ. ૪,૦૯,૭૫૦/– પોતાના આર્થિક ફાયદા સારૂ કાઢી લઇ રાજુભઇ બબુભાઇ રાઠોડનાઓને વેચાણ આપી ગુન્હો આચરેલાનું પ્રથમદર્શનીય રીતે જણાઇ આવે છે તેમજ હાલમાં ગુનાની તપાસ નાજુક મોડ ઉપર છે. જેથી જો અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવામાં આવે તો તપાસ પ્રભાવીત થાય તેમ જાણાય છે તથા પુરવા સાથે ચેડા કરે તેમ પણ જણાઇ આવે છે.

(૮).. આમ અરજદાર/આરોપીએ ગુનામાં સક્રિય ભુમીકા ભજવેલાનું જણાઇ આવે છે. તે સંજોગોમાં ગુનાનું સ્વરૂપ, ગુનાની ગંભીરતા ધ્યાને લઇ તથા આગળ ચર્ચા કર્યા મુજબ ગુનાની તપાસ હાલમાં નાજુક મોડ ઉપર છે. વધુમાં આ કામના અન્ય સહ આરોપીઓની ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૯૧૮/૨૦૨૫ તથા ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૧૨૭/૨૦૨૬ ની જામીન અરજીઓ નામંજુર કરવામાં આવેલ હોય તે તમામ સંજોગોમાં અરજદાર/આરોપીની તરફેણમાં ભારતીય નાગરીક સુરક્ષા

સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી જામીન મુક્ત કરવા યોગ્ય આ અદાલતને ન્યાયોચિત જણાતું ન હોય અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન મેળવવાની અરજી તળે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**/// હુકમ ///**

(૧).. પ્રસ્તુત કામના અરજદાર/આરોપી, **ઈબ્રાહીમ ઉર્ફે ફરહાન ઉર્ફે અલુ S/o જુશબ ઓસ્માન કુંભાર,** ઉં.વ.આ.– ૩૨, રહે. – ગાંધીધામ, હે.– નવી સંદરપુરી, ઈમામ ચોક, ગાંધીધામ, જી.– કચ્છવાળાઓની ઉંઝા પોલીસ સ્ટેશન ગુ. ર. નંબર–૧૧૨૦૬૦૩૩૨૫૦૭૧૯/૨૦૨૫ ના કામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૬(૨), ૩૧૬(૩), ૩૧૭(૨), ૩૧૮(૪), ૩૩૪(૨) તથા ૫૪ મુજબની રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવાની હાલની ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૧૪૧/૨૦૨૬ ની આથી **નામંજુર** યાને કે **રદ્દ** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૧મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૧/૦૩/૨૦૨૬.
સ્થળ – વિસનગર.

**(નાસીર સૈયદુલ્લા સિદ્દિકી)**
Code No.GJ–00650
એડીશનલ સેશન્સ જજ, મહેસાણા,
મુ.વિસનગર.

પી.એસ., મહેશ જી. રાવલ.